### પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતા લોકો વેચાતું પાણી લાવવા મજબૂર, ઘેર-ઘેર ફેલાયો રોગચાળો

# વડોદરાના કિશનવાડી વિસ્તારમાં વુડાના મકાનોની અત્યંત ગંભીર સ્થિતિ

**છૂટાછવાયા** રોડ-રસ્તા અને ઉભરાતી ગટરો વચ્ચે જીવતા નાગરિકોમાં તંત્ર સામે ભભૂકતો રોષ

**અધિકારીઓની** માત્ર મુલાકાતો રહી ગઈ કાગળ પર, બે દિવસ વીત્યા છતાં પ્રશ્નોનું નિરાકરણ નહીં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા વુડાના આવાસ યોજનાના મકાનોમાં રહેતા હજારો નાગરિકો અત્યંત દયનીય અને નરકાગાર સમાન પરિસ્થિતિમાં જીવન વિતાવી રહ્યા છે. ગરીબ પરિવારો માટે બનાવવામાં આવેલા આ મકાનોમાં પાયાની સુવિધાઓના અભાવે અંદાજે ૧,૦૦૦થી વધુ પરિવારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉદાસીનતાના કારણે સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

આ વિસ્તારના રહેવાસીઓ માટે પીવાનું પાણી સૌથી મોટો પડકાર બની ગયો છે. દિવસમાં માંડ અડધો કલાક આવતું પાણી પણ પૂરતા પ્રેશરથી આવતું નથી. એટલું જ નહીં, નળમાં આવતું પાણી ગટરની દુર્ગંધ મારતા અને ગંદા પાણી જેવું હોય છે. મજબૂર થઈને નાગરિકોએ છેલ્લા પાંચ વર્ષથી વેચાતું પાણી લાવીને તરસ છીપાવવી પડી રહી છે.

વિસ્તારમાં ગટરલાઈનો સતત ઉભરાતી રહેવાની કાયમી સમસ્યા છે. ગંદકી અને દૂષિત પાણીના વપરાશના





કારણે ઘર-ઘરમાં નાના બાળકો અને વડીલો ઝાડા-ઉલટી, તાવ, શરદી, ખાંસી તથા સાંધાના દુખાવા જેવી બીમારીઓનો ભોગ બની રહ્યા છે. જર્જરિત ઈમારતો અને બિસ્માર રોડ-રસ્તા વચ્ચે જીવવું મુશ્કેલ બન્યું છે.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, વોર્ડ નંબર ૬ ના કાઉન્સિલરો ચૂંટણી જીત્યા બાદ આ વિસ્તારમાં ફરકવાની પણ તસ્દી લેતા નથી. ચૂંટણી સમયે વોટ માંગવા આવતા નેતાઓ બાદમાં સમસ્યા સાંભળવા પણ આવતા નથી તેવા ગંભીર આક્ષેપો સ્થાનિક મહિલાઓ દ્વારા કરવામાં આવ્યા છે.

સ્થાનિકોની રજૂઆતો બાદ થોડા દિવસો અગાઉ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, કાર્યપાલક ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓની ટીમે સ્થળ મુલાકાત લીધી હતી. પરંતુ, આ મુલાકાતને બે દિવસ વીતી જવા છતાં જમીની સ્તરે કોઈ જ કામગીરી શરૂ કરવામાં આવી નથી. તંત્ર દ્વારા વહેલી તકે આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## એકતાનગરમાં IRCTC બજેટ હોટેલની કામગીરીની ડીઆરએમએ કરી સમીક્ષા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકે દ્વારા આજે એકતાનગર ખાતે નિર્માણાધીન આઈઆરસીટીસી બજેટ હોટેલની મુલાકાત લઈ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ ડીઆરએમ રાનું ભડકેએ હોટેલના નિર્માણ કાર્યની ગુણવત્તા, પ્રવાસીઓ માટેની પ્રસ્તાવિત સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓ અને નિર્માણ એજન્સીને કડક સૂચના આપી હતી કે, બાંધકામમાં નિર્ધારિત ગુણવત્તાના ધોરણોનું સંપૂર્ણ પાલન થવું જોઈએ અને મુસાફરોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે. તેમણે કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર પણ વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશ-વિદેશના પ્રવાસીઓ માટે



મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે, ત્યારે અહીંની આવાસીય સુવિધાઓ સુવિધાજનક, ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત હોવી અત્યંત જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને આઈઆરસીટીસી દ્વારા આ બજેટ હોટેલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ હોટેલને આગામી એકતા દિવસના અવસર પર પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકવાનો પ્રસ્તાવ છે. હોટેલ કાર્યરત થયા બાદ એકતાનગર આવતા પ્રવાસીઓને ઓછા ખર્ચે સારી અને આરામદાયક રહેવાની સુવિધા મળી રહેશે. વડોદરા મંડળ દ્વારા એકતાનગર વિસ્તારમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા અને મુસાફર સુવિધાઓના વિસ્તરણ માટે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## પલુક ટેક્નોલોજીસનો IPO 28 ઓગસ્ટે ખુલશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

પલુક ટેક્નોલોજીસ લિમિટેડનો IPO 28 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર, 2026 સુધી ખુલશે. આ IPO મારફતે BSE SME પર લિસ્ટિંગ માટે 33 કરોડ સુધીની મૂડી ઊભી કરશે. ઈશ્યુમાં 10ની ફેસ વેલ્યૂ ધરાવતા 68.76 લાખ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. શેરનો પ્રાઈઝ બેન્ડ 46થી 48 નક્કી કરાયો છે. લોટ સાઈઝ 3,000 શેરની છે, જ્યારે ઓછામાં ઓછા 6,000 શેર માટે બિડ કરી શકાશે. IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ નવી રેડી-મિક્સ કોંક્રિટ મશીનરી અને DG સેટની ખરીદી, ઉધારની ચુકવણી, કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે. એન્કર બિડિંગ 27 ઓગસ્ટે યોજાશે. ટેલિકોમ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે હાજરી પલુક ટેક્નોલોજીસ ટેલિકોમ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રે એન્જિનિયરિંગ સેવાઓ સાથે કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ અને RMC રેન્ટલ બિઝનેસમાં કાર્યરત છે. મેનેજિંગ ડિરેક્ટર નવીન કટિયારના જણાવ્યા મુજબ, IPO કંપનીને RMC મશીનરી, DG સેટ અને કાર્યકારી મૂડીમાં રોકાણ કરીને મોટા બિઝનેસ અવસરો મેળવવામાં મદદ કરશે.

### યુવાનોને વ્યસનથી દૂર રહેવા અપીલ કરાઈ

## એમએસયુની ગર્લ્સ હોસ્ટેલ ખાતે નુક્કડ નાટક દ્વારા નશામુક્તિનો સંદેશ

**યુવાનોને** નશાના રવાડેથી બચાવવા MSUનો સંકલ્પ, નુક્કડ નાટકથી જાગૃતિ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે એક પ્રેરણાદાયી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નુક્કડ નાટક દ્વારા યુવાનોને નશાના દુષપ્રભાવ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને સ્વસ્થ, વ્યસનમુક્ત જીવન જીવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓએ નાટકના માધ્યમથી નશો કેવી રીતે વ્યક્તિ, પરિવાર અને સમાજને બરબાદ કરે છે તેનું જીવંત ઉદાહરણ રજૂ કર્યું હતું. યુવાનોમાં વધતા વ્યસનના દૂષણને રોકવા માટે જાગૃતિ ખૂબ જ જરૂરી છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રોફેસર પ્રજ્ઞેશ શાહના નેતૃત્વ હેઠળ યોજાયો હતો.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, યુવા પેઢીને નશાના રવાડે ચડતી અટકાવવા માટે આવા કાર્યક્રમો અનિવાર્ય છે. આગામી સમયમાં યુનિવર્સિટી અને શહેરના આશરે 500 જેટલા સ્થળોએ આ પ્રકારે જાગૃતિ કાર્યક્રમો અને નુક્કડ નાટકો યોજવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભણગે, ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહ, ગર્લ્સ હોસ્ટેલના અધિકારીઓ અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જર્નાલિઝમ ફેકલ્ટીમાં ઓણમ પર્વની ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનમાં મંગળવારે ઓણમ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ બેચલર અને માસ્ટર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ પારંપરિક દક્ષિણ ભારતીય નૃત્યની કલાત્મક પ્રસ્તુતિ કરી હતી અને રાજા બલિની ભગવાન વિષ્ણુ પ્રત્યેની ભક્તિને યાદ કરી હતી. ફેકલ્ટીમાં દર વર્ષે ઓણમ પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે ડીન પ્રો.ડો. અવની મણિયારે જણાવ્યું હતું કે, પર્વની ઉજવણીથી વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિની ઓળખ મળે છે. એકબીજાની સંસ્કૃતિના આદાન-પ્રદાન અને વિવિધતાના રંગોથી ફેકલ્ટીનું વાતાવરણ વાઈબ્રન્ટ બને છે. આ ઉજવણીમાં શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ અવનવી રમતો રમીને કાર્યક્રમને મનોરંજનથી ભરપૂર બનાવ્યો હતો.

### વડોદરા પોલીસનો ચાંપતો બંદોબસ્ત

## તહેવારો પહેલાં વડોદરા પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

તહેવારોમાં કાયદો-વ્યવસ્થા જાળવવા પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં પોલીસનુ ફુટ પેટ્રોલિંગ વડોદરાઃ આગામી રક્ષાબંધન અને ઈદના તહેવારોને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ ડીસીપી ઝોન-1 અને ઝોન-2, વિવિધ ડિવિઝનના એસીપી, પીઆઈ, પીએસઆઈ સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ફતેગંજ તથા નવાયાર્ડ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. પોલીસ ટીમોએ મુખ્ય માર્ગો, રહેણાંક વિસ્તારો અને સંવેદનશીલ સ્થળોએ પેટ્રોલિંગ કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો શાંતિપૂર્ણ માહોલમાં તહેવાર ઉજવી શકે તે માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને બંદોબસ્ત રાખવામાં આવશે.

## ષષ્ઠપીઠ શ્રી કલ્યાણરાયજી હવેલી ખાતે પવિત્રા અગિયારસ અને બારસની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરા ખાતે ષષ્ઠપીઠ શ્રી કલ્યાણરાયજી હવેલીમાં પુષ્ટિમાર્ગના પાવન ઉત્સવ પવિત્રા અગિયારસ અને પવિત્રા બારસની ભવ્યાતિભવ્ય ઉજવણી શ્રદ્ધા, ભક્તિ અને વૈષ્ણવ પરંપરાના ભાવ સાથે કરવામાં આવી રહી છે. ગોવર્ધન ચોક, શ્રી કલ્યાણરાયજી મંદિર, માંડવી, વડોદરા ખાતે સવારે શૃંગાર સમયે પવિત્રા ધરાવવાનો દિવ્ય અવસર વૈષ્ણવોને પ્રાપ્ત થયો હતો. તા. ૨૫ ઓગસ્ટ શ્રાવણ સુદ-૧૨, પવિત્રા બારસે ૫.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તેમજ યુવા વૈષ્ણવાચાર્ય ૫.પૂ. ગો. ૧૦૮ શ્રી શરણમકુમારજી મહોદયશ્રી ને પવિત્રા ધરાવી પોતાનો અહોભાવ પ્રદાન કરી તેમના જીવનની ધન્યતા પ્રાપ્ત કરવાનો અલૌકિક અવસર વૈષ્ણવોને પ્રાપ્ત થયો.

### વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ બની આકર્ષણનું કેન્દ્ર

## MSUમાં સંસ્કૃત દિવસોત્સવ વિદ્યાર્થીઓના સ્વાગત સમારોહની ભવ્ય ઉજવણી

**વિદ્યાર્થીઓએ** સંસ્કૃત ગરબા, શાયરી અને બોલીવૂડ ગીતોથી સંસ્કૃતની આધુનિક અભિવ્યક્તિ રજૂ કરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપિત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ સાયન્સ સ્થિત વી.એમ. શાહ ઓડિટોરિયમ ખાતે સંસ્કૃત દિવસોત્સવ, ગુરુપૂર્ણિમા તથા નૂતન વિદ્યાર્થીઓના સ્વાગત સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

એક દિવસીય કાર્યક્રમનું આયોજન ફેકલ્ટી ઓફ આર્ટ્સ અંતર્ગત સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ તથા સંસ્કૃત સંભાષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન વિભાગના અધ્યક્ષ અને કેન્દ્રીય સંસ્કૃત સંભાષણ કેન્દ્રના કો-ઓર્ડિનેટર ડૉ. શ્વેતા જેજુરકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ આર્ટ્સના ડીન પ્રો. ડો. કલ્પના ગવલી મુખ્ય અતિથિ તરીકે, ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન પ્રો. ડો. વિપુલ એ. કલમકર વિશિષ્ટ અતિથિ તરીકે તથા સંસ્કૃત ભારતીના વિભાગ સંયોજક હસમુખ જાદવ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રેરણાદાયી વક્તવ્યોમાં સંસ્કૃત ભાષાની મહત્તા, પ્રાચીનતા, વૈજ્ઞાનિકતા અને વર્તમાન સમયમાં તેની પ્રાસંગિકતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાચીન ભારતના જ્ઞાન, દર્શન, સાહિત્ય અને ભારતીય જ્ઞાનપરંપરાના વિકાસમાં સંસ્કૃતનું અદ્વિતીય યોગદાન રહ્યું છે.

## આજે ઈદેમિલાદ : વાડી, મોટી-વ્હોરવાડથી ભવ્ય જુલૂસ નીકળશે


**બપોરે** 3 વાગ્યે, સૈયદ કમાલુદ્દીન રિફાઈ લીલી ઝંડી આપી પ્રારંભ કરાવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવવાની તૈયારીઓ ચાલી રહી છે. ઈદે મિલાદ નિમિત્તે આગામી 26 ઓગસ્ટ, 2026ના રોજ ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું છે.

વાડી કલંદર નવજવાન કમિટીના પ્રમુખ અબુબક્કર મીયાંવાલા દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઝોહરની નમાઝ બાદ બપોરે 3 વાગ્યે જુલૂસ નીકળશે. જુલૂસનું આયોજન વાડી મોટી હોરેવાડ, મૌલાના મુફ્તી મોહમ્મદ સિદ્દીક સાહેબ ચોકથી કરવામાં આવ્યું છે. જેનો પ્રસ્થાન ખાનકાહે રિફાઈયાના સજ્જાદા નશીન પીરે તરીકત સૈયદ કમાલુદ્દીન રિફાઈના હસ્તે કરાવવામાં આવશે.

જુલૂસમાં સમાજના આગેવાનો, યુવાનોતથામોટીસંખ્યામાંલોકોજોડાશે. ઈદ-એ-મિલાદ પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિવસની યાદમાં ઉજવવામાં આવતો પવિત્ર દિવસ છે. આ પ્રસંગે શહેરના વિવિધ મસ્જિદો પયગંબર હઝરત મુહમ્મદ સાહેબનાની શાનમાં વાઅઝના




કાર્યક્રમો ઉપરાંત જુલૂસ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વડોદરા શહેરમાં પણ જુલૂસને લઈને સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ કાર્યક્રમમાં સૌ કોઈ શાંતિપૂર્ણ રીતે જોડાય અને શહેરમાં ભાઈચારો તથા કોમી સૌહાર્દ જળવાઈ રહે તે માટે આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. જુલૂસમાં હાજરી આપનાર સૌએ વ્યવસ્થા જાળવવા અને આયોજકો તથા તંત્રને સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. શહેરમાં ઈદ-એ-મિલાદની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## તાંદલજાની મુઆવિન ટ્રસ્ટ દ્વારા ઈદે મિલાદ નિમિત્તે ગરીબોનેલ મદદ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરાના તાંદલજા સ્થિત મુઆવિન ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા રબી-ઉલ-અવ્વલ જેવા પવિત્ર માસમાં વિસ્તારનો કોઈ ગરીબ અને નિરાધાર ભૂખ્યું સૂએ નહિ એ ઉમદા વિચારથી મફત રાત્રી ભોજનનું વધુ એક સેવાકીય કાર્ય શરૂ કર્યું છે.

આ પ્રસંગે તાંદલજાની મસ્જિદે નૂરુલ ઈસ્લામના ઈમામ-વ-ખતીબ હઝરત કારી અમાનુલ હક્ક સાહેબે પ્રવચન આપી દુઆ ગુજારી હતી. ટ્રસ્ટના પ્રમુખ સાદિક પટેલે જણાવ્યું હતું કે સમાજમાં એવા ગરીબ અને નિરાધાર, એકલવાયું જીવન જીવતી વ્યક્તિઓ છે. કે જેમને દિવસમાં બે ટંકનું પેટ ભરીને ભોજન પણ




મળતું નથી. આવી વ્યક્તિઓને પ્રોષ્ટિક આહાર મળી રહે તેવા ઉમદા ખ્યાલથી હાલમાં રાત્રી આહાર સેવા શરૂ કરવામાં આવી છે. દરેક દિવસે અલગ-અલગ આહાર આપવામાં આવશે. મુઆવિન ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા પત્રકાર ચાર રસ્તા પાસે મુઆવિન જનરલ હોસ્પીટલ પણ ચલાવવામાં આવે છે.

## MSUમાં સંસ્કૃત દિવસોત્સવ વિદ્યાર્થીઓના સ્વાગત સમારોહની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરાના તાંદલજા સ્થિત મુઆવિન ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા રબી-ઉલ-અવ્વલ જેવા પવિત્ર માસમાં વિસ્તારનો કોઈ ગરીબ અને નિરાધાર ભૂખ્યું સૂએ નહિ એ ઉમદા વિચારથી મફત રાત્રી ભોજનનું વધુ એક સેવાકીય કાર્ય શરૂ કર્યું છે. આજના મોંઘવારીના સમયમાં મધ્યમ વર્ગને ઘર ચલાવવું ભારે થઈ ગયું છે, તો ગરીબ અને નિરાધાર વ્યક્તિઓની શું હાલત થતી હશે. મોંઘવારીને પગલે કેટલાક પરિવારોની આર્થિક હાલત જોઈને ચારે તરફ સેવાકીય સુવાસ ફેલાવનાર મુઆવિન ચૅરીટેબલ ટ્રસ્ટે ગરીબ નિરાધાર, એકલવાયું જીવન જીવતા વૃદ્ધ વ્યક્તિઓને પ્રોષ્ટિક જમવાનું મળે એવા ઉમદા ખ્યાલથી, મફત રાત્રી ભોજનની સેવા શરૂ કરવામાં આવી છે.

## સ્માર્ટ મીટર અંગે MGVCLનું જનજાગૃતિ અભિયાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

નડિયાદ, વડોદરા, આણંદ સહિતના વિવિધ વિસ્તારોમાં સ્માર્ટ મીટર અંગે ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટે એમજીવીસીએલ દ્વારા વિવિધ સ્તરે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. અભિયાન અંતર્ગત વિવિધ સ્થળોએ કેનોપી ઊભી કરી ગ્રાહકો સાથે સીધો સંવાદ કરવામાં આવી રહ્યો છે, ટીમો દ્વારા ઘર-ઘર સંપર્ક કરીને પણ સ્માર્ટ મીટર અંગેની માહિતી આપવામાં આવી રહી છે.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**રક્ષાબંધન નિમિત્તે શહેરી બસ સેવા અર્થે**

**અગત્યની જાહેરાત**

રક્ષાબંધન પર્વ નિમિત્તે તા.૨૮.૦૮.૨૦૨૬ ના રોજ વડોદરા મહાનગર પાલિકા દ્વારા મહિલાઓ અને બાળકોને શહેરી બસ સેવામાં નિશુલ્ક મુસાફરીની સુવિધા આપવામાં આવશે. આ સુવિધા અંતર્ગત રક્ષાબંધનના દિવસે મુસાફરી કરતા મહિલાઓ અને બાળકોએ બસમાં કંડક્ટર પાસેથી "Zero Ticket /Free Travel". ટિકિટ મેળવવાની રહેશે. આ ટિકિટ માટે મહિલાઓ અને બાળકોએ કોઇપણ પ્રકારનું મુસાફરી ભાડું આપવાનું રહેશે નહીં. આ વિશેષ સુવિધાનો હેતુ રક્ષાબંધન પર્વ દરમ્યાન બહેનો અને બાળકોને સરળ તથા સુવિધાજનક જાહેર પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવાનો છે. વડોદરા મહાનગર પાલિકા દ્વારા નાગરિકોને આ સુવિધાનો મહત્તમ લાભ લેવા અને જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે.

**પી.આર.ઓ નં: ૩૪૩/૨૦૨૬-૨૭** **કાર્યપાલક ઇજનેર**



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૬-૨૭

આઈ.ડી.નં. ૧) ૩૩૮૮૨૪ ૨) ૩૩૮૭૭૦

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલ ભવન, બીજો માળ, જુની આર.ટી.ઓ ઓફિસની બાજુમાં, સિવિલ લાઈન, ગોધરા જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી પંચમહાલ જીલ્લાના ૧) નર્મદા મુખ્ય કેનાલ આધારિત પી.એમ. - જબી સુધારણા જુ.પા.પુ.યોજના અંતર્ગતના ગ્રામ્ય લેવલના સંપ પર એમ.એસ. પંપ કેબીન બનાવવાની કામગીરીની કુલ અંદાજિત રકમ રૂ.૫૩.૯૦ લાખ તથા ૨) પાનમ જળાશય આધારિત પાનમ સુધારણા જુ.પા.પુ.યોજના અંતર્ગત ગ્રામ્ય લેવલ સંપ પર એમ.એસ. પંપ કેબીન બનાવવાની કામગીરીની કુલ અંદાજિત રકમ રૂ.૨૪.૫૦ લાખ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર મંગવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ અપલોડ કરવાની છેલ્લી તારીખઃ ૧૦/૦૯/૨૬ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપર થી મળશે. હવે પછીના સુધારા/વધારા માટે તેમજ વધુ વિગતો માટે વેબસાઈટ www.Tender.nprocure.com ઉપર જોવી.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન નં.૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૪૩૫/૨૬)



**Shri Govind Guru University, Godhra**

(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**

(ગુજરાત એક્ટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુકામઃ વિંઝોલ, પોસ્ટઃ કાંકણપુર, તાલુકોઃ ગોધરા, જિલ્લોઃ પંચમહાલ-૩૮૮૭૧૩.

SGGU/ESTA/REC/T/2055/2026 DATE: 25/08/2026

**Shri Govind Guru University**

**Employment Notice**

**Advertisement No. 06/2026**

Shri Govind Guru University, Vinzol-Godhra invites applications for Assistant professor in various teaching posts in prescribed format.

Candidates are advised to visit the university website www.sggu.ac.in for details (including advt. no., post, category, eligibility, minimum experience required and deadlines for submission).

| | |
|---|---|
| Date of commencement of online Application Form | 27/08/2026 |
| Last date of online Application Form submission | 17/09/2026 |
| Last date of receipt of hardcopy of Application with all enclosures | 25/09/2026 till 05:30 pm |

Place: Vinzol-Godhra Date: 25/08/2026

Officer On Special Duty
Establishment Department
Shri Govind Guru University
Vinzol-Godhra

માહિતી/ગોધરા/૪૩૪/૨૬



**Shri Govind Guru University, Godhra**

(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**

(ગુજરાત એક્ટ નં ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુકામ વિંઝોલ, પોસ્ટઃ કાંકણપુર, તાલુકોઃ ગોધરા, જિલ્લોઃ પંચમહાલ-૩૮૮૭૧૩.

SGGU/ESTA/REC/T/2054/2026 DATE: 25/08/2026

**Shri Govind Guru University**

**Employment Notice**

**Advertisement No. 05/2026**

Shri Govind Guru University, Vinzol-Godhra invites applications for Professor and Associate professor in various teaching posts in prescribed format.

Candidates are advised to visit the university website www.sggu.ac.in for details (including advt. no., post, category, eligibility, minimum experience required and deadlines for submission).

| | |
|---|---|
| Date of commencement of online Application Form | 27/08/2026 |
| Last date of online Application Form submission | 17/09/2026 |
| Last date of receipt of hardcopy of Application with all enclosures | 25/09/2026 till 05:30 pm |

Place: Vinzol-Godhra Date: 25/08/2026

Officer On Special Duty
Establishment Department
Shri Govind Guru University
Vinzol-Godhra

માહિતી/ગોધરા/૪૩૨/૨૬



**સ્નેહાંજલિ**



**સ્વ. કુસુમબેન કનૈયાલાલ મહેતા**

સ્વ. તા.૨૬.૦૮.૨૦૧૬

આપનું જીવન એ જ અમારો પથ દર્શક છે

બરોડા પબ્લીક સ્કુલ | લિટલ લીડર્સ એકેડેમી

શ્રી સ્વામી વિવેકાનંદ વિધાલય | એસ. એસ. વી.-2

ન્યુ હેવન વિધાલય | એસ. એસ. વી.-3

વાઘોડીયા રોડ, વડોદરા

બરોડા પબ્લીક સ્કુલ (CBSE) - પિપળીયા

વનવર્લ્ડ બરોડા પબ્લીક સ્કુલ (CBSE) - અંકોડીયા કોયલી રોડ



**પ્રેમાંજલિ**



**સ્વ. કુસુમબેન કનૈયાલાલ મહેતા**

સ્વ. તા.૨૬.૦૮.૨૦૧૬

પરમ કૃપાળુ પરમાત્મા
સદાય આપની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**શૈલેષ મહેતા (સોટ્ટા)**
ધારાસભ્યશ્રી, દર્ભાવતી (ડભોઈ)

મીનાબેન શૈલેષ મહેતા

ધ્રુમિલ શૈલેષ મહેતા
ડૉ.વૈષ્ણવી ધ્રુમિલ મહેતા
રતિ મહેતા - રૂત્વી મહેતા
કુ. ધીમહિ ધ્રુમિલ મહેતા



**સ્મણાંજલિ**



**સ્વ. કુસુમબેન કનૈયાલાલ મહેતા**

સ્વ. તા.૨૬.૦૮.૨૦૧૬

આપનું જીવન જ અમારી પ્રેરણા,
આપના આદર્શો જ અમારા માર્ગદર્શક.

રીલાયન્સ (JIO-BP) પેટ્રોલ પંપ

વાઘોડીયા રોડ - આર.વી. દેસાઈ રોડ - ઉંડેરા
ન્યુ VIP રોડ - ખોડીયાર નગર - વરણામા

વડોદરા ગેસ લિમિટેડ - વરણામા

બી.પી.સી.એલ. પેટ્રોલ પંપ

વૃંદાવન ચાર રસ્તા, વાઘોડીયા રોડ, વડોદરા.
નેશનલ હાઈવે, કામરેજ, સુરત.